
# પ્રકરણ: ૬

## ઉપસંહાર: સંશોધનના તારણો અને નિષ્કર્ષ





# <u>પ્રકરણઃ ૬</u>

## ઉપસંહારઃ સંશોધનના તારણો અને નિષ્કર્ષ

## ૬. ઉપસંહારઃ સંશોધનના તારણો અને નિષ્કર્ષ

અનુઆધુનિક ગુજરાતી ટૂંકીવાર્તાક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરનાર હિમાંશી શેલત સામાજિક નિસબત ધરાવતા પ્રતિબદ્ધ વાર્તાકાર છે. એમણે ટૂંકી વાર્તા ઉપરાંત લઘુનવલ, નવલકથા, સ્મરણકથા, આત્મકથા, નિબંધ, હાસ્ય-વ્યંગ્ય, બાળસાહિત્ય, સંપાદન, વિવેચન અને અનુવાદ જેવા સાહિત્યના અનેક સ્વરૂપોમાં મહત્ત્વનું પ્રદાન કર્યું છે. હિમાંશી શેલતના સાહિત્યસર્જને ઈયત્તા અને ગુણવત્તા ઉભય દૃષ્ટિએ ગુજરાતી ભાષા અને સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. તેઓ આપણી આસપાસના પરિવેશમાં આકાર લેતી ઘટનાઓના પ્રત્યક્ષ અનુભવને કામે લગાડી સાહિત્યનું સર્જન કરતાં રહ્યાં છે. અનુઆધુનિક ગુજરાતી વાર્તાકારોમાં અગ્રણી ગણાતાં હિમાંશી શેલતને પ્રાદેશિકથી માંડી રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યાં છે. એમને દિલ્હી સાહિત્ય અકાદમી, ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાતી સાહિત્ય પરિષદ જેવી સંસ્થાઓના પુરસ્કારોની સાથે સાથે ધૂમકેતુ, ઉમાશંકર જોશી, સરોજ પાઠક, જયંત ખત્રી-બકુલેશ, સનતકુમારી મહેતા જેવાં સાહિત્યકારોના માનમાં અપાતા પુરસ્કારો ઉપરાંત કર્ણાટકના નંજનગુડુ થીરૂમલમ્બા શાશ્વતી એવૉર્ડ જેવા પુરસ્કારોથી પણ પુરસ્કૃત કરવામાં આવ્યાં છે. ટૂંકમાં, હિમાંશી શેલતની સર્જકતા પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરે પણ સતત નામના મેળવતી રહી છે.

૮મી જાન્યુઆરી, ૧૯૪૭ના રોજ સુરત મુકામે અભિજાત પરિવારમાં જન્મેલ હિમાંશી શેલતના વ્યક્તિત્ત્વને ઘડવામાં તેમનાં માતા-પિતા તેમજ પ્રતિષ્ઠિત પત્રકાર એવા દાદાજીની સાથે સાથે મુ.કાકા વિષ્ણુ પ્રસાદ ત્રિવેદી, નાની - મંગીબા તથા જીવનભારતી શાળા અને તેનાં શિક્ષકોનો પણ મહત્વનો ફાળો રહ્યો છે. એમને બાળપણથી જ મળેલું ઘરનું સાહિત્યિક વાતાવરણ શબ્દ સાથેના સંબંધને જોડવામાં મદદરૂપ થાય છે. વળી, બાળપણમાં જ હિમાંશી શેલતની મુલાકાત ઉમાશંકર જોશી, સુંદરમ્, જયંત પાઠક અને યશવન્ત શુક્લ જેવા મોટા ગજાના સાહિત્યકારો તથા કુંજવિહારી મહેતા, આચાર્ય કે. એલ. દેસાઈ, વ્રજરાય દેસાઈ અને ડો. આર. આઈ. પટેલ જેવા શિક્ષણશાસ્ત્રીઓ સાથે થઈ હતી. હિમાંશી શેલતને સાહિત્યના વિશ્વનો પ્રથમ પરિચય કરાવનાર એટલે એમનાં દાદાજી - કાલિદાસ શેલત. પુસ્તકો ખરીદવાનો અને વાંચવાનો શોખ હિમાંશીબહેનને બાળપણથી જ મળ્યો હતો. વળી, તેમનાં દાદાજી દૈનિકના તંત્રી હોવાથી તેમની પાસે અવનવા પુસ્તકોનો ખજાનો મળી રહેતો. આ રીતે સુધારાવાદી, સાહિત્યપ્રેમી અને તેમના જમાનાથી બહુ આગળ એવા પ્રતિષ્ઠિત પત્રકાર - દાદાજીએ શૈશવથી જ હિમાંશીબહેનમાં શબ્દ વાંચનના બીજ

રોપ્યાં હતાં. તો બહુ જ ઉદાર અને સંવેદનશીલ વ્યક્તિત્ત્વ ધરાવતા પિતાજીએ સમાજ પ્રત્યેની નિસબત વારસામાં આપી હતી. તેથી જ તો હિમાંશીબહેન અભાવગ્રસ્ત સમુદાયની સઘન પ્રવૃત્તિઓમાં જોડાય છે. જેમાં તેઓ જુવેનાઈલ ઓબ્ઝર્વેશન હોમ, અંધજન શાળા, પ્લેટફોર્મ પર રખડતા બાળકો, ગીચ ઝૂંપડપટ્ટીનાં બાળકો, રિમાન્ડ હોમ તથા અનાથાશ્રમનાં બાળકો ઉપરાંત દેહવ્યાપારના કુખ્યાત વિસ્તારોમાં દેહ વેચીને પેટનો ખાડો પૂરતી વારાંગનાઓ જેવા સમાજના ઉપેક્ષિત લોકો તરફ સહાનુભૂતિને લઈને એમને માટે કામ કરે છે. તેજસ્વી અભ્યાસને કારણે હિમાંશી શેલત પોતાની જ કોલેજમાં અધ્યાપિકા તરીકે જોડાય છે અને નિષ્ઠાપૂર્વકના અધ્યાપનકાર્યને લીધે વિદ્યાર્થીઓના પ્રિય થઈ પડે છે. ભલે તેઓ શિક્ષણના કથળતા જતાં સ્તરથી અને વિદ્યાર્થીઓમાં ઘટતી જતી સાહિત્યપ્રીતિ તથા નિસબતના અભાવથી કંટાળીને સ્વૈચ્છિક નિવૃત્તિ લે છે પરંતુ સાહિત્યસર્જનમાં તેઓ આજ પર્યંત પ્રવૃત્ત રહ્યાં છે. તેમની વાર્તાઓ અનુઆધુનિક ગુજરાતી વાર્તાસાહિત્યમાં શિરમોર ગણાય છે. નારી પ્રત્યે અતિ સંવેદનશીલ હિમાંશી શેલતની મોટા ભાગની વાર્તાઓના કેન્દ્રમાં નારીની પીડિત, શોષિત અને બળબળતી છબી આલેખાઈ છે. હાલમાં પણ સર્જનક્ષેત્રે સક્રિય એવા હિમાંશી શેલતના આકર્ષક વ્યક્તિત્ત્વનો આપણને આ પ્રકરણમાં પરિચય મળે છે.

અનુઆધુનિક ગુજરાતી ટૂંકીવાર્તાના સર્જનમાં હિમાંશી શેલતનો મહત્ત્વનો ફાળો રહ્યો છે. ૧૯૮૦ પછીના ગાળામાં સુરેશ જોશી પુરસ્કૃત આધુનિક ગુજરાતી ટૂંકી વાર્તાનો પ્રભાવ ઓસરી રહ્યો હતો ત્યારે ૧૯૮૭માં હિમાંશી શેલત અનુઆધુનિક ગુજરાતી ટૂંકીવાર્તાના ઉદય સમાન 'અન્તરાલ' વાર્તાસંગ્રહ લઈને આવે છે. 'અન્તરાલ' થી લઈ 'ધારો કે આ વાર્તા નથી-' સુધી કુલ દસ વાર્તાસંગ્રહો એમણે આપ્યાં છે. હજી પણ તેમની વાર્તાસર્જનની પ્રવૃત્તિ અવિરત આગળ વધી રહી છે. હિમાંશી શેલત આધુનિક ગુજરાતી ટૂંકીવાર્તાની વિશેષતાઓ અને મર્યાદાઓથી સારી રીતે પરિચિત હોવાથી ભાષાની ક્લિષ્ટતા અને ટેક્નિકના વધારે પડતા ઉપયોગથી દૂર રહી ભાવકોને વાંચવી ગમે તેવી વાર્તાઓનું સર્જન કરે છે. જેથી નિઃશંક કહી શકાય કે, ગુજરાતી ટૂંકીવાર્તાને નવું - કલાત્મક પરિમાણ આપી તેને સર્વોચ્ચ શિખરે બેસાડવામાં હિમાંશી શેલતનો ફાળો મહત્ત્વનો રહ્યો છે. અંગ્રેજી ભાષાની ઉત્તમ વાર્તાઓના અભ્યાસી હિમાંશી શેલતે ૧૯૮૭માં પ્રકાશિત થયેલ પ્રથમ વાર્તાસંગ્રહ 'અન્તરાલ'થી જ સામાજિક વાસ્તવને કળાના વાસ્તવમાં રૂપાંતરિત કરતી વાર્તાઓ આપી છે. એમણે ટૂંકીવાર્તાના સ્વરૂપને સિદ્ધ કરવાની સાથે સાથે ભાવકને હંમેશા કેન્દ્રમાં રાખીને જ

વાર્તાનું સર્જન કર્યું છે. એમની વાર્તાઓ એટલી સરળ અભિવ્યક્તિ પામી છે કે ભાવકને તે વાંચવામાં કે સમજવામાં તેમાં આલેખાયેલ ઘટનાઓ ક્યાંય કષ્ટરૂપ બનતી નથી કે તેને શોધવા કોઈ આંટીઘૂંટી માંથી પસાર થવું પડતું નથી.

હિમાંશી શેલતની વાર્તાઓમાં આલેખાયેલ વિષયવસ્તુ વિવિધતાથી ભરેલું છે. તેમની વાર્તાઓમાં સમાજના વિવિધ વર્ગના લોકોની વેદના - સંવેદના, શોષણ, અત્યાચાર અને અન્યાય જેવી રોજિંદી ઘટનાઓ વાર્તાનો વિષય બનીને આવે છે. હિમાંશી શેલત એક સંવેદનશીલ વાર્તાકાર હોવાથી તેમનાં મનનાં અતલ ઊંડાણમાં આકારિત ઘટનાઓની સંવેદના તેમની વાર્તાઓમાં તીવ્રતાથી અભિવ્યક્ત થઈ છે. એમની વાર્તાઓમાં એકબાજુ પ્લેટફોર્મ પર રઝળતો, શોષણ - અત્યાચારનો ભોગ બનેલો અને ભૂકંપની ભયાવહતા જેવી કુદરતી આપત્તિઓથી પીડિત સમાજનો છેવાડાનો - કચડાયેલો વર્ગ આલેખાયેલો છે તો બીજી બાજું ગામડાથી વિમુખ થઈને શહેરની ઝૂંપડપટ્ટીમાં વસેલ કોમી તોફાનો, હુલ્લડો, હત્યા, ચોરી, લૂંટફાટ જેવા ગુનાઓમાં સંડોવાયેલ તેમજ રાજકીય પક્ષોના હાથારૂપ બનેલ વર્ગ આલેખાયો છે. વળી એક તરફ ઘર, સ્વજન, વિચ્છેદ અને વ્યતીતરાગ સામે બદલાતા સાંપ્રતને વાચા આપતા વિષયો છે તો બીજી તરફ વેશ્યાજીવન અને ગરીબીનો લાભ ઉઠાવી થતું જાતીય શોષણ જેવા સામાજિક દૂષણો વાર્તાના વિષયો બન્યાં છે. હિમાંશી શેલતની અત્યાર સુધી લખાયેલી મોટાભાગની વાર્તાઓના કેન્દ્રમાં સ્ત્રી છે. જેમાં સ્ત્રી સહજ સંવેદના, સ્ત્રીની એકલતા, હતાશા, વિચ્છિન્નતા, જાતીયવૃત્તિની પડછે સ્ત્રીની વેદનાગ્રસ્ત સ્થિતિ, અન્યાયકર્તા અને શોષણખોરી જેવાં સામાજિક દૂષણોની આક્રોશમય અભિવ્યક્તિની સાથોસાથ સ્ત્રી-પુરુષના સંબંધોનું સંવેદનજગત પણ અસરકારક રીતે વ્યક્ત થયું છે. સ્ત્રીની ખમી ખાવાની, સમાધાન કરવાની, જતું કરવાની, વેઠવાની, ચાહવાની આંતરિક તાકાત જેવાં નારી સંવેદનાનાં અને નારીની એકલતાનાં અનેક પરિમાણો આલેખતાં હિમાંશી શેલતની વાર્તાઓમાં સ્ત્રીની વિવિધરંગી છબિ ઝિલાયેલી છે. હિમાંશી શેલતની વાર્તાઓનો અભ્યાસ કરતા તેમાં વૃદ્ધોનું સંવેદન તીવ્રતાથી આલેખાયેલું જોવા મળે છે. તેમાંય મુખ્યત્ત્વે સ્વજનો દ્વારા ઉપેક્ષિત વૃદ્ધોની લાચારી, નિવૃત્તિ પછી હતાશાની ગર્તામાં ધકેલાઈ ગયેલા વૃદ્ધોની સંવેદના, પિતાપુત્રનો વિચ્છેદ, પાગલ અવસ્થામાં ઘર છોડી ચાલી નીકળતા વૃદ્ધોનું માનસ, ધોળે દિવસે વૃદ્ધોની થતી હત્યા, વૃદ્ધોની એકલતા, અવમાનના અને પત્ની દ્વારા પતિ કે પતિ દ્વારા પત્નીની થતી અવહેલના હિમાંશી શેલતની કેટલીક વાર્તાઓમાં તીવ્રતાથી આલેખાઈ છે. બાળમાનસ અને કિશોરોના પ્રશ્નોને વાચા

આપતી સુંદર વાર્તાઓ પણ હિમાંશી શેલતે આપી છે. તકવિહોણાં અને અભાવગ્રસ્ત પરિસ્થિતિમાં જીવતાં બાળકોના કરમાયેલા બાળપણને કિલ્લોલતું કરવા માટે હિમાંશી શેલતે કરેલાં પ્રયત્નો પ્રશંસનીય છે. ઝૂંપડપટ્ટી, રિમાન્ડ હોમ, રેલ્વે પ્લેટફોર્મ અને રેડલાઈટ વિસ્તારમાંથી મળી આવેલાં બાળકોના ચહેરા પર હાસ્યનું મોજું લાવવા તેમણે અથાક પ્રયત્નો કર્યા. કોમી વૈમનસ્યને આલેખતી કેટલીક વાર્તાઓમાં આપણને હિમાંશી શેલતની તીવ્ર અનુભૂતિની અભિવ્યક્તિ સ્પષ્ટ રીતે વ્યક્ત થયેલી જોવા મળે છે. હિમાંશી શેલતની વાર્તાઓમાં મનુષ્ય દ્વારા થતાં અત્યાચાર, શોષણ, હત્યા, મારપીટ, ચોરી, લૂંટફાટ, વારંવાર થતાં આંદોલનો જેવી ઘટનાઓ વિષય તરીકે આવે છે. પરંતુ ૨૦૦૨ના કોમી તોફાનોની પડછે જે ક્રૂર ઘટનાઓ બને છે, હિંસક બનાવો અને કોમી તંગદીલીની સાથે સાથે બહેનો-દીકરીઓ ઉપર જ્યારે બર્બરતાપૂર્ણ સામૂહિક બળાત્કાર થાય છે ત્યારે તેમનું સર્જક મન દ્રવી ઉઠે છે. ૨૦૦૨ના કોમી માનવસંહાર પછી માનવ-માનવ વચ્ચે જે ખાઈ ઊભી થઈ, સમાજમાં જે વૈમનસ્ય ઊભું થયું તેનું નિરૂપણ હિમાંશી શેલતની કેટલીક વાર્તાઓમાં જોવા મળે છે. હિમાંશી શેલતની કેટલીક વાર્તાઓમાં સમાજનો પીડિત-શોષિત અને અભાવગ્રસ્ત એવો સમુદાય પણ આલેખાયો છે. શહેરની ઝૂંપડપટ્ટીમાં રહીને પોતાનું પેટીયું રળતાં લાચાર, અભાવથી ઘેરાયેલ અને સતત સંઘર્ષમાં જીવતાં લોકોની પીડાને તેમણે આ વાર્તાઓમાં વાચા આપી છે. એકબાજું કદરૂપી, ડરામણી, ગંધાતી ખીચોખીચ ખોલીઓમાં શ્વસતા લોકોની રોજીંદી હાડમારીઓ, તેમનાં પ્રશ્નો, તેમની શોષિત-પીડિત અવસ્થા આલેખાઈ છે તો બીજીબાજું મધ્યમવર્ગના વિવિધ પ્રશ્નો, આર્થિક સંકડામણ, તેમની લાચારી, હતાશા અને સંઘર્ષના ભયાવહ ચિત્રો આલેખાયાં છે. આવાં અભાવથી ઘેરાયેલાં અને સતત સંઘર્ષમાં જીવતાં લોકોની પીડાથી જ્યારે લેખિકા વ્યથિત થાય છે ત્યારે તેઓ આ ચચરતી પીડાને કળાના વાસ્તવમાં રૂપાંતર કરે છે. આમ, વિષય વૈવિધ્ય એ હિમાંશી શેલતની વાર્તાઓનું જમાપાસુ છે.

હિમાંશી શેલતની વાર્તાસૃષ્ટિમાં વિષયવસ્તુની સફળ અભિવ્યક્તિની સાથોસાથ પાત્રોની વિવિધતા તેમની વાર્તાઓનું મહત્વનું લક્ષણ છે. એમની મોટા ભાગની વાર્તાઓમાં પાત્રો માનવજીવનની વિવિધ ગતિવિધિનું આલેખન કરતાં જોવાં મળે છે. આ પાત્રો મોટા ભાગે તેમના સામાજિક કામો દરમિયાન મળેલ છે. જેમાં અભણ, ભીરું, લાચાર, હતાશ, શોષિત એવાં ગરીબ પાત્રોથી માંડી મધ્યમવર્ગની હાડમારી વેઠતાં, પોતાના અસ્તિત્ત્વને ટકાવી રાખવા મથતાં, ગુંડા - મવાલી - હત્યારાઓ - બળાત્કારીઓથી જીવન બચાવવાનો સંઘર્ષ કરતાં પાત્રો આલેખાયાં છે.

તેમની વાર્તાઓમાં વેશ્યાજીવનના અંધારા ખૂણાને ઉજાગર કરતાં સ્ત્રીપાત્રો છે તો સાથે સાથે હતાશ, લાચાર, એકલતા અને અવમાનનાથી પીડિત વૃદ્ધ પુરુષપાત્રો પણ છે. નારીપાત્રો હિમાંશી શેલતની વાર્તાસૃષ્ટિમાં વિશેષ રજૂઆત પામ્યાં છે. તેમની મોટા ભાગની વાર્તાઓના કેન્દ્રમાં સ્ત્રી છે. જીવનનો રસકસ ખોઈ ચૂકેલી, બળેલી ઝળેલી, અપેક્ષાઓના ભંગારનો બોજ વેંઢારતી, નઘરોળ આદમીઓના નમાલાપણાને સહન કરતી સ્ત્રીઓ તેમની વાર્તાઓમાં કેન્દ્રસ્થાને આવે છે. હિમાંશી શેલતે આવી સ્ત્રીઓની ભીતર ચાલતી અકળામણને કળાનું રૂપ આપવાનો પ્રશંસનીય પ્રયાસ કર્યો છે. સ્ત્રીપાત્રોની સાથે સાથે તેમના પુરુષપાત્રો પણ ભાવકના ચિત્ત પર અમીટ છાપ છોડી જાય છે. તેમની વાર્તાઓમાં આલેખાયેલા પુરુષ પાત્રોમાં માનવજીવનની વિવિધ ગતિવિધિનું આલેખન થયેલું જોવા મળે છે. જેમાં માનવજીવનની શોષિત, પીડિત, વિચ્છિન્ન, હતાશ, અવમાનિત અને એકલવાયા જીવનની અવસ્થાનું સંવેદનસભર આલેખન થયું છે. વળી, તેમની વાર્તાઓમાં એકલતા, હતાશા અને અવમાનતાથી પીડિત નિરાધાર એવા વૃદ્ધ પુરુષપાત્રોની પણ વિશેષ રજૂઆત થયેલી જોવા મળે છે. હિમાંશી શેલતની વાર્તાઓમાં એક બાજું મધ્યમવર્ગની વિટંબણા દર્શાવતા પુરુષપાત્રો  છે તો બીજી બાજું પત્નીના કર્કશ સ્વભાવથી વ્યથિત થઈને આપઘાત સુધી પ્રેરાતા પુરુષના પાત્રો પણ વાર્તામાં આલેખાયા છે.

હિમાંશી શેલતની વાર્તાઓની એક ખાસિયત તે ભાવકકેન્દ્રિતા છે. માત્ર વાર્તાના સ્વરૂપને જ સિદ્ધ કરવાની લહાયમાં ભાવકની અવગણના તેમને મંજૂર નથી. આધુનિક વાર્તાથી અળપાઈ ગયેલા ભાવકોની વાર્તા વાંચવાની ઈચ્છા જ તેમને મન પ્રાથમિકતા છે. ટેક્નિકની માયાજાળમાં ફસાયેલા ભાવકનો વાર્તા વાંચવાનો રસ સૂકાઈ ન જાય એ હેતુથી તેમણે ટેક્નિકની વધુ પડતી ચિંતા કરી નથી, સાથે જ એમણે સાદી ભાષાનો ઉપયોગ કર્યો જેથી ભાવકને વાર્તા સમજવામાં આસાની થાય, બૌદ્ધિક વ્યાયામ કરવો ન પડે. અનુઆધુનિક વાર્તાને તેના ઉચ્ચ શિખરે બેસાડનાર હિમાંશી શેલતે પોતાની શૈલીને ક્યાંય દુર્બોધ બનવા દીધા સિવાય અત્યંત સાદી, ભાવકને સુબોધતાનો અનુભવ કરાવે તેવી લાઘવયુક્ત રીતે પ્રયોજી છે. હિમાંશી શેલતે તેમની વાર્તાઓમાં સીધીસાદી શૈલીથી માંડીને આત્મકથન, પ્રથમપુરુષ અને ત્રીજાપુરુષ કથનકેન્દ્ર, વિરોધી સ્થિતિની સહોપસ્થિતિ (Juxtaposition), ફ્લેશબેક, સ્વપ્નપ્રવિધિ, સર્જનાત્મકગદ્ય, બોલાતા શબ્દને એમ જ ઝીલવાની શક્તિ, કટાક્ષ-રમૂજના એકાદ તાંતણાને વણવાની ખાસ રીત, સિનેમેટિક, નાટ્યાત્મક અને કપોળકલ્પિત, પ્રતીકાત્મક રીતિનો વિનિયોગ જેવી અનેક રચનારીતિનો ઉપયોગ કર્યો છે. હિમાંશી

શેલતે પોતે અનુભવેલા અનુભૂતિ જગતને વાર્તામાં કળાત્મક રીતે આલેખ્યું છે. છતાં રચનારીતિને જ માત્ર આધાર બનાવીને વાર્તા રચવાનો તેમણે ક્યારેય પ્રયાસ કર્યો નથી.

હિમાંશી શેલતની વાર્તાઓમાં કથન-વર્ણન અને સંવાદનો સમુચિત પ્રયોગ થયેલો છે. વાર્તાકાર તરીકે એમની વિશેષતા રહી છે કે, વાર્તાઓમાં પ્રયોજેલ કથન દ્વારા તેઓ પાત્ર, પ્રસંગ અને પરિસ્થિતિને વાર્તાના ધસમસતા પ્રવાહમાં ગતિ કરાવે છે. વાર્તાને કળાત્મક બનાવવા માટે હિમાંશી શેલતે અસરકારક કથનનો સુનિયોજીત ઉપયોગ કર્યો છે. કથનો દ્વારા વાર્તાના પાત્રો, પ્રસંગો, બનાવો અને ઘટનાને આકર્ષકરૂપ અપાયું છે. હિમાંશી શેલતની વાર્તાઓમાં આવતાં વર્ણનો પ્રમાણમાં મર્યાદિત છે. તેમણે ખપ પૂરતા જ વર્ણનો આપ્યાં છે. વર્ણનના ભારથી વાર્તાને ભારઝલ્લી બનાવવાને બદલે પાત્ર, પ્રસંગ, બનાવ કે ઘટના વિનિયોગ પૂરતું જ તેનું આલેખન કર્યું છે. પાત્ર, ઘટના, સ્થિતિ કે બનાવને મુખ્ય કથા સાથે જોડવામાં આ વર્ણનો ઉપકારક નીવડયા છે એમાં કોઈ બે મત નથી. હિમાંશી શેલતે તેમની વાર્તાઓમાં સંવાદો પણ ખપ પૂરતાં જ મૂક્યાં છે જે પાત્રના વિશેષ પ્રાગટય માટે આસ્વાદ્ય બન્યાં છે. હિમાંશી શેલતની પાત્રને અનુરૂપ ભાષા અને ટૂંકા ટૂંકા વાક્યો દ્વારા સંવાદ રજૂ કરવાની રીત વાર્તાને કળાત્મક બનાવે છે. તેમણે પ્રયોજેલા સંવાદો પાત્રના વ્યક્તિત્ત્વને ઉઘાડવામાં મદદરૂપ બન્યાં છે ઉપરાંત, પાત્રોની નીજી લાગણીઓ, સંવેદનાઓ, આઘાત-પ્રત્યાઘાતો સંવાદ દ્વારા યથોચિત આલેખાયાં છે.

હિમાંશી શેલતે પ્રયોજેલી ભાષાશૈલી તેમની વાર્તાઓને એક નવું પરિમાણ બક્ષે છે. 'ભાષાના આંજી દે એવા ઝગમગાટ કે ચબરાકીની તરફેણમાં હું નથી' એવું કહેનાર હિમાંશી શેલતની વાર્તાઓમાં પ્રયોજાયેલી ભાષા સાદી, સરળ, કરકસરયુક્ત છતાં આકર્ષક છે. તેમણે વાર્તાઓમાં વાચકને આંજી નાખે એવી ઝગમગાટવાળી ભાષાનો પ્રયોગ કરવાને બદલે વાર્તા આસાનીથી સમજાય તેવી ભાષાનો પ્રયોગ કર્યો છે. તેથી જ આધુનિક ગુજરાતી વાર્તાથી છેટો થયેલો વાચક અનુઆધુનિક વાર્તાની નજીક આવે છે. હિમાંશી શેલત ઓછામાં ઓછા શબ્દો દ્વારા, એકદમ ટૂંકા અને સચોટ વાક્યો દ્વારા પોતાની વાત વાચક સમક્ષ મૂકી શકે છે તેથી તેમની મોટાભાગની વાર્તાઓ ચાર-પાંચ પાનામાં સમાયેલી જોઈ શકાય છે. વળી તેમણે કલ્પનો, પ્રતીકો અને અલંકારોની સાથે અંગ્રેજી, સંસ્કૃત અને હિન્દીના ઉપયોગ વડે ઉત્કૃષ્ઠ ગદ્યની જમાવટ કરી છે. ભાષાની નજાકતભરી ભાત ઉપસાવતાં કલ્પન, પ્રતીક અને અલંકારોનો ઉપયોગ હિમાંશી શેલતની

વાર્તાઓના ગદ્યને ઉત્કૃષ્ઠ સૌંદર્ય બક્ષે છે જે તેમને અન્ય વાર્તાકારોથી જુદાં પાડે છે. તેમની વાર્તાઓમાં સુરતી બોલીનો ઉપયોગ પાત્રોની નીજી ઓળખ પ્રગટાવવા માટે કારગત નીવડે છે.

હિમાંશી શેલતની મોટાભાગની વાર્તાઓ સર્વજ્ઞ ક્થનકેન્દ્રથી આલેખાઈ છે. એમણે 'આજે રાતે', 'કોઈ એક દિવસ', 'એ હોય તો-' અને 'ધારો કે આ વાર્તા નથી-' જેવી કેટલીક વાર્તાઓમાં પ્રથમ પુરુષ કથનરીતિનો ઉપયોગ કર્યો છે. જોકે, એમની વાર્તાઓમાં પ્રયોજાયેલ પ્રથમ પુરુષ-ત્રીજા પુરુષની કથનરીતિ વચ્ચેની રેખા અતિશય પાતળી છે. જો વાચક આ ભેદને પારખી ન શકે તો કદાચ વાર્તાને માણવાનું ચૂકી જ જાય. હિમાંશી શેલતની કેટલીક વાર્તાઓ તો આ પ્રકારની પાતળી ભેદરેખા વાળી કથનરીતિથી જ આલેખાયેલી છે. વાર્તાસામગ્રીની જરૂરિયાતને ધ્યાનમાં રાખી કથનકેન્દ્રની પસંદગી કરતાં હિમાંશી શેલતને પ્રથમપુરુષ કે ત્રીજાપુરુષની પસંદગી સંદર્ભે કોઈ રંજ નથી. તેઓ તો વાર્તાની વિશેષ સામગ્રી અને પાત્રના મનોગતમાં પ્રવેશવાની પોતાની ઢબને પ્રાધાન્ય આપે છે. એમની વાર્તાઓમાં પ્રયોજાયેલ કથનરીતિને જોતા વાર્તાને ઘડનારા એક મહત્ત્વના ઘટકતત્ત્વ તરીકે તે અત્યંત પ્રભાવક રહી છે. કેટલીક વાર્તાઓમાં કથનરીતિના તેમણે કરેલા નવતર પ્રયોગે પણ વાર્તાને કલાત્મક સ્તરે પહોંચાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

ટૂંકમાં, હિમાંશી શેલતની વાર્તાઓ વિષય વૈવિધ્યથી માંડીને પાત્રાલેખન, ભાષાશૈલી, રચનારીતિ તેમજ કથન-વર્ણન અને સંવાદ એ દરેક બાબતે કળાત્મક રૂપ પામી છે. હિમાંશી શેલતની વાર્તાકળાના અભ્યાસને અંતે અવશ્ય નોંધવું ઘટે કે ગુજરાતી સાહિત્યમાં વાર્તાસર્જનક્ષેત્રે તેમણે કરેલું પ્રદાન ચિરસ્મરણીય રહેશે.

હિમાંશી શેલતનું વાર્તાઓની જેમ નવલકથા/લઘુનવલ ક્ષેત્રે પણ મહત્વનું પ્રદાન રહેલું છે. એમની નવલકથાઓમાં પણ આઘાતગ્રસ્ત બાળકોની અકથ્ય વેદનાઓ, વ્યથિત નારીઓની પીડા અને રેડલાઈટ એરિયામાં લાચારીભર્યું જીવન જીવતી સ્ત્રીઓની સંવેદનાઓને વિષય તરીકે આલેખી છે. હિમાંશી શેલતને માનવમનનો ઊંડો પરિચય હોવાથી તેમના કથા સાહિત્યમાં પીડિત, શોષિત તેમજ વંચિત લોકોની પીડા જ મોટે ભાગે વિષય તરીકે આવે છે. હિમાંશી શેલતે 'આઠમો રંગ', 'ક્યારીમાં આકાશપુષ્પ અને કાળાં પતંગિયાં' તથા 'સપ્તધારા' એમ કુલ ચાર નવલકથા/લઘુનવલો આપી છે. એમણે પ્રસિદ્ધ ચિત્રકાર અમૃતા શેરગિલના ચરિત્રને આધારે 'આઠમો રંગ' નવલકથા આપી છે. આપણાં સાહિત્યમાં ચરિત્રને આધારે નવલકથા લખવી એ એક સાહસ ગણાયું છે, જે સાહસ હિમાંશી શેલતે આ નવલકથા લખવામાં કર્યું છે. 'ક્યારીમાં આકાશપુષ્પ' લઘુનવલમાં

લગ્નેતર સંબંધ નિમિત્તે ઉદ્‌ભવતી સમસ્યા અને તેના સુખદ ઉકેલનું આલેખન થયું છે. જ્યારે 'કાળાં પતંગિયાં'માં રૂપજીવિનીઓ તથા તેમનાં બાળકોનું મજબૂર છતાં પ્રેમ અને માણસાઈથી ભરેલું જીવન આલેખાયું છે. 'સપ્તધારા'માં તેમણે આઘાતથી મૂઢ બનેલાં સાત બાળકોની ઊંડી કરુણા અને સંવેદના આલેખી છે. આમ, હિમાંશી શેલતની આ ચારેય નવલકથા/લઘુનવલોમાં જુદાં - જુદાં વિષયો કળાત્મક રીતે આલેખાયા છે.

અન્યની પીડાને પોતાની કરનાર હિમાંશી શેલતની આ નવલકથાઓના પાત્રો સમાજના જુદાં-જુદાં વર્ગસમૂહમાંથી આવે છે. તેમણે 'આઠમો રંગ'માં માત્ર ઓગણત્રીસ વર્ષનું ટૂંકું આયુષ્ય ભોગવનાર પ્રસિદ્ધ ચિત્રકાર અમૃતાના ચિત્રો અને તેના જીવનના સપ્તરંગી ઈન્દ્રધુષ્યોની વાત કરતાં કરતાં આઠમો રંગ - ઉદાસીનો - ભૂખરો રાખોડી રંગ આલેખ્યો છે. 'ક્યારીમાં આકાશપુષ્પ'ની માલવિકાએ મહિલા ઉત્થાનમાં સમગ્ર જીવન ખરચી નાખ્યું હોવા છતાં પોતાનો જ દીકરો અન્ય સ્ત્રીના પ્રેમમાં પડી તેની પત્નીને દગો દે છે. પોતાના દીકરાએ કરેલો આ વિશ્વાસઘાત માલવિકાને અસહ્ય લાગે છે અને તેના દ્વારા વર્ષોથી કરાતા મહિલા ઉત્થાનના કાર્યમાં હવે નીચાજોણું થાય છે. આ લઘુનવલમાં કિન્નરીનું પાત્ર સહનશીલતાનું અને સંગીતાનું પાત્ર ઉદારતાનું દ્યોતક બને છે. તો 'કાળાં પતંગિયાં'માં સારંગાના પાત્રની આસપાસ જ કથાની ગૂંથણી થઈ છે. અહીં અન્ય નારી પાત્રો હોવા છતાં સારંગાનું પાત્ર જ કેન્દ્રસ્થ થતું જોવા મળે છે. 'સપ્તધારા'માં હિમાંશી શેલતે આઘાતથી મૂઢ બનેલાં સાત બાળકોને મુખ્યપ્રવાહમાં લાવવાનું ભગીરથ કાર્ય કરતી સુચેતાનું પાત્ર આલેખ્યું છે. સુચેતા પૈસાદાર અને શિક્ષિત માતા-પિતાનું એકમાત્ર સંતાન હોવા છતાં અન્ય બાળકોની જેમ તેને પણ દસ વર્ષની ઉંમરે આઘાત સહન કરવો પડયો હતો. આ નવલકથામાં લેખિકાએ સુચેતા સિવાય અન્ય સાત ઉપેક્ષિત, પીડિત અને છિન્નભિન્ન બાળકોના જીવનની કઠીન પરિસ્થિતિ આલેખી છે. ટૂંકમાં, હિમાંશી શેલતે તેમની આ નવલકથાઓનાં મોટાભાગનાં પાત્રોમાં જીવનનો સંઘર્ષ આલેખ્યો છે.

લાઘવ એ હિમાંશી શેલતના સર્જનમાં મહત્વનું લક્ષણ ગણાયું છે. આ કથાઓમાં એમણે લાઘવભર્યા ઉચિત શબ્દો દ્વારા પાત્રો અને ઘટનાનું ઉત્કૃષ્ઠ આલેખન કર્યું છે. મનુષ્યજીવનની વિવિધ સંકુલતાઓ અને તેમની વિવિધ ગતિવિધિઓને ભાષાકર્મના ઝગમગાટથી આંજી દેવાને બદલે તેને સરળ શબ્દોમાં આલેખે છે. કથાના આલેખનની વચ્ચે-વચ્ચે કલ્પન, પ્રતીક, રૂઢિપ્રયોગ અને કહેવતો જેવાં ભાષાનાં આભૂષણો પાસેથી એમણે ધાર્યું કામ લીધું છે. પાત્રો વચ્ચે થતાં સંવાદમાં અંગ્રેજી અને

હિન્દી-મરાઠી ભાષાનું કરેલું મિશ્રણ તેમની રજૂઆત ને આકર્ષક અને ધારદાર બનાવે છે. વળી, કૃતિમાં આવતાં એકધારાપણાંને ટાળવા હિમાંશી શેલતે પાત્રોની પોતાની વાતચીતની ભાષાનો ખાસ પ્રયોગ કર્યો છે. જેમાં મરાઠી તેમજ પારસી જેવી ભાષાઓનો પ્રયોગ મુખ્ય છે. આ ઉપરાંત કથાને ગતિ આપવા જ્યાં-જ્યાં જરૂર જણાંઈ ત્યાં તેમણે વાચકોને કંટાળો ન આવે એ રીતે વર્ણનો અને યથોચિત સંવાદોનો પણ ઉપયોગ કર્યો છે.

હિમાંશી શેલતની નવલકથાઓની રચનારીતિ તેમને સમકાલીન કથાસર્જકોથી જુદાં પાડે છે. તેમની 'આઠમો રંગ' નવલકથામાં અમૃતાના જીવનસંવેદનો અને તેમનાં જીવનસંઘર્ષને કળાત્મક રીતે આલેખવા આત્મકથનાત્મકશૈલીનો ઉપયોગ કર્યો છે. અહીં તેમનું લક્ષ્ય નવલકથાનું આલેખન હોવાથી ક્યાંક-ક્યાંક હકીકતોને આલેખવા કલ્પનાનો સહારો લીધો છે. 'ક્યારીમાં આકાશપુષ્પ' અને 'કાળાં પતંગિયાં' ને આલેખવા એમણે સર્વજ્ઞ કથનકેન્દ્ર પસંદ કર્યું છે. આ ઉપરાંત 'સપ્તધારા' નવલકથાની રચનામાં તેમણે Flashback Techniqueનો પણ ઘણી જગ્યાએ પ્રયોગ કર્યો છે.

હિમાંશી શેલતે પાત્રોના જીવનસંઘર્ષને અહીં કળાત્મકતાથી નિરૂપ્યો છે. અનાથ બાળકો, રૂપજીવિની સ્ત્રીઓ, રહિત-વંચિત સમાજના લોકો, લાચાર વૃદ્ધો તેમજ ભદ્રસમાજનો અણગમો વેઠતા વંચિતોના જીવનસંઘર્ષને બખૂબી આલેખ્યો છે. 'આઠમો રંગ'માં એક કલાકારના જીવનમાં વ્યાપેલ વિષાદને, તો 'ક્યારીમાં આકાશપુષ્પ'માં દરેક સમાજ જે સમસ્યાથી ત્રસ્ત છે તેવી લગ્નેતરસંબંધની સમસ્યા આલેખાઈ છે. તો 'કાળાં પતંગિયાં'માં કહેવાતો ઉચ્ચ સમાજ જેમનાં પ્રત્યે તિરસ્કાર અને ધૃણાની નજરથી જુએ છે એવાં દેહવિક્રયના વ્યવસાય સાથે સંકળાયેલ સ્ત્રીઓના પારિવારિક વાતાવરણ અને તેમના જીવનસંઘર્ષને આલેખ્યો છે. હિમાંશી શેલતે સમાજના ગરીબ-શોષિત-વંચિત લોકો સાથે કામ કર્યું હોવાથી આ વર્ગના લોકોનો એમને બહોળો પરિચય છે. એ કારણે જ આઘાતપીડિત સાત બાળકોને જીવનમાં વેઠવી પડતી હાડમારી અને તેમને ભોગવી પડતી પીડાનું આલેખન 'સપ્તધારા'માં કર્યું છે. સાથે સાથે એમણે ભદ્રવર્ગના લોકોનું સામાજિક જીવન પણ આલેખ્યું છે.

હિમાંશી શેલતની આ ચારેય કથાઓમાંથી પસાર થતાં અંતે એટલું અવશ્ય કહી શકાય કે, તેમની નવલકથાઓમાં જોવા મળતાં સાચુકલાં પાત્રો અને તેમનાં જીવનદર્શનને અહીં વિગતે આલેખ્યું છે. વિષયાલેખન અને પાત્રાલેખનની સાથે સાથે હિમાંશી શેલતે નવલકથામાં પ્રયોજેલી ભાષા તેમની સર્જકતાની આગવી મુદ્રા ઉપસાવી આપે છે.

સ્મરણકથા, આત્મકથા, નિબંધ, હાસ્ય-વ્યંગ્ય અને બાળસાહિત્યમાં પણ હિમાંશી શેલતનું મહત્ત્વનું યોગદાન છે. હિમાંશી શેલતે 'પ્લેટફોર્મ નંબર ચાર' અને 'વિક્ટર' નામની બે સ્મૃતિકથાઓ આપી છે. ગુજરાતી સાહિત્ય માટે અનમોલ ભેટ સમાન 'પ્લેટફોર્મ નંબર ચાર' સ્મૃતિકથામાં હિમાંશી શેલતે એમનાં મનમાં સંગ્રહાયેલી સ્મૃતિ તેમજ એક સમયે સુરતના રેલવેસ્ટેશન પર એમણે કરેલા કાર્યોમાંથી પ્રાપ્ત થતાં નિજી આનંદની કથા રજૂ કરી છે. તો 'વિક્ટર' નામની સ્મૃતિકથામાં પોતે પાળેલાં માનવેતર પ્રાણીઓની પ્રેમાભિવ્યક્તિની વાત પશુપ્રેમી ન હોય એવા વાચકોને પણ સ્પર્શી જાય એવી સચોટ શૈલીમાં રજૂ કરી છે. ગુજરાતી સાહિત્યમાં માનવેતર પ્રાણીઓને કેન્દ્રમાં રાખી ભાગ્યે જ લખાતું હોય છે ત્યારે હિમાંશી શેલતનું આ પુસ્તક ગુજરાતી સાહિત્યમાં મહત્ત્વનું ગણાય છે.

ગુજરાતી સાહિત્યને વિશ્વસાહિત્યની હરોળમાં મૂકી શકાય તેવું ગૌરવ અપાવનાર આત્મકથા - 'મુક્તિ-વૃત્તાંત' હિમાંશી શેલતનું ઉત્કૃષ્ઠ સર્જન છે. આ આત્મકથામાં હિમાંશી શેલતે એમનાં જીવનની ઝાંખીને વિસ્તૃત રીતે આલેખી છે. છલોછલ વાર્તારસથી ભર્યાં આ આત્મવૃત્તાંતમાં મુક્તિ-લેખિકા પોતાના જીવનની સચ્ચાઈના પડળ ઊઘાડતાં જાય છે. ભાષાની પ્રાસાદિકતા, વ્યંજના, વાક્યલય તેમજ ટૂંકાં વાક્યોને કારણે હિમાંશી શેલતની આ આત્મકથા વાચકને ફરી-ફરી વાંચવી ગમે તેવી નીવડી છે. આ આત્મકથાને સુંદર કલાઘાટ આપવા માટે હિમાંશી શેલતે સર્જનાત્મક ગદ્યની સાથે સાથે સંવાદ, વાદવિવાદ, સંભાષણ, સ્વગતોક્તિ, વર્ણન, કથન, ડાયરી અને પત્ર વગેરે જેવી નિરૂપણની વિવિધ રીતો અપનાવી છે. વળી, સાચી હકીકતને છૂપાવ્યા વગર નિખાલસપણે કહી દેવાના ગુણના દર્શન આપણને હિમાંશી શેલતની આ આત્મકથાના પાને પાને થાય છે. હિમાંશી શેલતના 'એકડાની ચકલીઓ' પુસ્તકમાં કુલ મળીને ૨૪ જેટલાં નિબંધો, ચરિત્રલેખો કે પ્રતિભાવો આલેખાયાં છે. આ પુસ્તકમાં લેખિકાએ તેમનાં જીવનમાં બનેલ ઘટનાઓ, સંસ્મરણોને સાદી, સરળ ભાષામાં ભાવકને વાંચવાં ગમે તે રીતે રજૂ કર્યા છે. તો એમણે 'ડાબે હાથે'માં પોતાની આસપાસ બનતી ઘટનાઓ અને પરિસ્થિતિઓ કે જેમાં આઘાત, ગ્લાનિ, ભોંઠપ અને અકળામણ જેવી અનુભવેલી લાગણીઓને વ્યક્ત કરતા ઉકળાટને વ્યંગ - કટાક્ષના માધ્યમથી ઠાલવ્યો છે. તો એમણે રાજકારણ અને સમાજજીવનની ચિત્રવિચિત્ર અને બેહૂદી ઘટનાઓને અહીં વ્યંગ-કટાક્ષના માધ્યમથી આલેખી છે.

બાળસાહિત્યમાં પણ હિમાંશી શેલતનું મહત્ત્વનું કહી શકાય તેવું સર્જન થયેલું છે. સામાન્ય રીતે બાળવાર્તાઓમાં બોધ ન હોય પરંતુ હિમાંશી શેલતે બોધ સાથેની બાળવાર્તાઓ લખીને એક નવો ચીલો ચાતર્યો છે. 'રમતાં-ભમતાં' નામનાં બાળવાર્તાનાં પુસ્તકમાં હિમાંશી શેલતે કુલ દસ વાર્તાઓ આપી છે. તો 'ગણપતની નોંધપોંથી' દ્વારા બાળકોના ભોળપણનો, તેમની જિજ્ઞાસાવૃત્તિનો, મોટા લોકોની વાતચીત અને તેમની વર્તણૂંકનો બાળમાનસ પર કેવો પ્રભાવ પડતો હોય છે તે વિશેની જાણકારી આપી છે.

એક નીવડેલા નાટયકારની જેમ હિમાંશી શેલતે બાળકો દ્વારા ભજવી શકાય એવાં સુંદર નાટકો બાળકોને ભેટ ધર્યાં છે. એમણે 'આનંદે ભજવીએ!'માં કુલ ત્રણ બાળનાટકો કલાત્મકતાથી નિરૂપ્યાં છે. હિમાંશી શેલત રચિત આ ત્રણેય બાળનાટકોની રજૂઆત ખૂબ જ સુંદર રહી છે. આ ત્રણેય નાટકો ખૂબ લાંબા પણ નથી કે ખૂબ ટૂંકા પણ નથી, જેથી બાળકોને માટે તે ભજવવાની અનુકૂળતાની સાથે સાથે દર્શકોનેય જોવામાં જકડી રાખે તેવા આલેખાયાં છે. તો 'સોનુ અને માઓ'માં હિમાંશી શેલતના ઘરે રહેતા પ્રાણીમિત્રો એટલે કે સોનુ (કૂતરો) અને માઓ (બિલાડો) વચ્ચે થયેલી દોસ્તીની વાત કહેવાઈ છે. કૂતરો અને બિલાડી એકબીજાના કટ્ટર દુશ્મન હોવા છતાં સાથે રહી શક્તા હોય તો મનુષ્યો કેમ નહી ? એ સંદેશ દ્વારા હિમાંશી શેલત બાળકોમાં માનવતાના, ભાઈચારાના, પ્રાણીપ્રેમ વિશેના પાઠ હસતાં-હસતાં, રમતાં-રમતાં, કાલી-ઘેલી ભાષામાં આપે છે.

હિમાંશી શેલત રચિત આ બાળ સાહિત્યની ખાસ વિશેષતા એ છે કે તેઓ બાળકોને ગમ્મત સાથે શિખામણ આપતાં હોવાથી બાળકોને તેમની વાત ક્યાંય ભારઝલ્લી લાગતી નથી. બીજું, લેખિકા વાર્તાના દરેક પાને બાળકોને ગમી જાય એવાં સુંદર ચિત્રો આપે છે જેના લીધે બાળકોને રમતાં-ભમતાં મનોરંજન પ્રાપ્ત થાય છે. હિમાંશી શેલત બાળસાહિત્યના આ પુસ્તકોમાં હાસ્ય સાથે ગમ્મત આપવા કાલીઘેલી બોલીનો પ્રયોગ કરે છે. ટૂંકમાં, બાળવાર્તા હોય કે બાળનાટક હોય હિમાંશી શેલત બાળકો જેવાં બનીને, બાળકોની ભાષામાં હસતાં-રમતાં કંઈક બોધ આપી દે છે. એમણે પ્રયોજેલી સરળ, સાદી અને આકર્ષિત ભાષા અને વસ્તુગૂંથણીને કારણે બાળકો તેને હસીખુશીથી સ્વીકારી લે છે. હિમાંશી શેલત રચિત આ બાળસાહિત્યમાંથી પસાર થતાં અંતે એટલું જરૂર કહી શકાય કે બાળસાહિત્યક્ષેત્રે પણ હિમાંશી શેલતે મહત્ત્વનું પ્રદાન કર્યું છે.

સર્જનાત્મક સાહિત્યના વિકાસ અને તેના સંવર્ધન માટે મહત્ત્વનાં ગણાતાં સંપાદન, વિવેચન અને અનુવાદ જેવાં સાહિત્યસ્વરૂપોમાં પણ હિમાંશી શેલતે મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું છે. હિમાંશી શેલતનું

સંપાદનક્ષેત્રે મહત્વનું યોગદાન રહ્યું છે. એમણે જુદાં-જુદાં પ્રકારના કુલ ૧૦ સંપાદનો કર્યા છે. એમાંના 'સ્વામી અને સાંઈ', 'પ્રતિરૂપ', 'અંતર-છબિ', 'લિ. હું આવું છું' અને 'મધદરિયે મહેફિલ' એમ પાંચ વ્યક્તિલક્ષી સંપાદનો છે. જ્યારે 'નાયિકા પ્રવેશ', 'અડધા આકાશનો રંગ' અને 'પહેલો અક્ષર' એમ ત્રણ નારીકેન્દ્રી તેમજ '૨૦૦૨ની શ્રેષ્ઠ વાર્તાઓ' અને 'ગુજરાતી નવલિકાચયન-૨૦૦૭' એમ બે શ્રેષ્ઠ વાર્તા ચયનના સંપાદનો કર્યા છે.

હિમાંશી શેલત સંપાદિત આ દરેક સંપાદનોમાંથી પસાર થયા પછી એટલું અવશ્ય કહી શકાય કે, તેઓ એક નિષ્ઠાવાન સંપાદકની જેમ સંપાદનકાર્યમાં જોડાય છે. એમની એક ખાસિયત નોંધનીય છે કે, તેઓ પુસ્તકની શરૂઆતમાં જે તે સંપાદનમાં થયેલ કાર્ય વિશેનો વિસ્તૃત સંપાદકીય લેખ આપે છે અને પુસ્તકના અંતે પરિશિષ્ટો આપે છે. જે એમને એક મોટા ગજાના સંપાદક તરીકે પ્રસ્થાપિત કરે છે. વળી એમણે 'પ્રતિરૂપ'માં મકરન્દ દવેની અનુવાદ પ્રક્રિયા વિશે મહત્વના નિરીક્ષણો પૂરાં પાડયાં છે જેથી અનુવાદની પ્રક્રિયાથી તેઓને વાકેફ કરી શકાય. શાસ્ત્રીય પદ્ધતિએ કરેલા 'અંતર-છબિ'ના સંપાદનમાં એમણે સંપાદકીય લેખ ઉપરાંત મુદ્રણ નોંધો તેમજ પરિશિષ્ટો આપ્યાં છે જે આ સંપાદનને ગુજરાતીમાં અગાઉ થયેલા સંપાદનોથી જુદું પાડે છે. સુંદર કલાઘાટ ધરાવતા આ સંપાદનમાં સંપાદકોએ મુદ્રણ નોંધ, સંખ્યાબંધ પ્રતીકચિત્રો, રેખાંકનો, સુવ્યવસ્થિત રીતે મૂકેલા વિવિધ પરિશિષ્ટો તેમજ સૂચિ આપી છે. જે સંપાદનકાર્ય પ્રત્યેની સંપાદકોની જહેમત અને નિષ્ઠા દર્શાવે છે. 'લિ. હું આવું છું'ના દરેક વિભાગ આગળ ભૂમિકારૂપ નોંધ મૂકવામાં આવી છે વૈજ્ઞાનિક મુદ્રણ - સંકેતોની વ્યવસ્થા પ્રમાણે ગોઠવાયેલ આ સંપાદનમાં સંપાદકોએ વિગતે શબ્દસૂચિ પણ આપીને એક રસપ્રદ અને વિચારણીય પત્રસંપુટ સંકલિત કરી આપ્યું છે. આ સંપાદનની ખાસ વિશેષતા તેનું શાસ્ત્રીય ઢબે થયેલું સંપાદન છે. 'મધદરિયે મહેફિલ'માં હિમાંશી શેલતે સંપાદકીય લેખમાં બંનેના વ્યક્તિત્વો વિશે આપણને વિગતે પરિચય કરાવ્યો છે. પુસ્તકને અંતે પરિશિષ્ટ તો પુસ્તકના મુખપૃષ્ઠ પર આલેખાયેલ વિનોદ મેઘાણીને પત્ર પહોંચાડાવા સરનામા અને પુસ્તકની અંદરની બાજુએ પૃષ્ઠ નંબર દર્શાવવા માટે ઉપયોગમાં લીધેલ પેન-પેપર સહિતનું સઢવાળી હોડીનું ચિત્ર આ સંપાદનને અન્ય પુસ્તકોથી વિશેષ બનાવે છે. હિમાંશી શેલતે આ પત્રોનું સંપાદન કરી ગુજરાતી પત્રસાહિત્યમાં મૂલ્યવાન પ્રદાન કર્યું છે. 'નાયિકા પ્રવેશ' જેવાં પુસ્તકની ખાલી જગ્યામાં વિષયને અનુરૂપ મુકાયેલ કાવ્યપંક્તિઓ તેમજ ચિત્રો આ સંપાદનને ખાસ બનાવે છે. તો 'અડધા આકાશનો રંગ'માં સંપાદકે પ્રસ્તાવનામાં મહત્વની કહી શકાય તેવી કેટલીક બાબતો

તરફ અંગૂલિનિર્દેશ કરી એક સાચો સંપાદકધર્મ નિભાવ્યો છે. આ ઉપરાંત ચિત્રકળાના શોખિન એવાં હિમાંશી શેલત આ સંપાદિત કૃતિઓની વચ્ચે વચ્ચે સ્ત્રીઓના રોજબરોજ જીવાતાં જીવનને અનુરૂપ ચિત્રો મૂકી આપી આ સંપાદનને આકર્ષક બનાવે છે. હિમાંશી શેલત સંપાદિત આ 'અડધા આકાશનો રંગ' સાચે જ ગુજરાતી સાહિત્યમાં નારીકેન્દ્રી સંપાદનના ક્ષેત્રે અડધા આકાશનો રંગ બની રહે છે. તો 'પહેલો અક્ષર'માં હિમાંશી શેલતની સંપાદનકાર્ય પ્રત્યેની નિષ્ઠાનો આપણને પરિચય થાય છે. '૨૦૦૨ની શ્રેષ્ઠ વાર્તાઓ' તેમજ 'ગુજરાતી નવલિકાચયન-૨૦૦૭' એ બંને વાર્તાલક્ષી સંપાદનોમાં હિમાંશી શેલતે વાચકોને એક સારા વાર્તાકાર હોવાનો લાભ મળે તેવી વાર્તાઓ સંપાદિત કરી આપી છે.

સંપાદનકાર્યની જેમ હિમાંશી શેલતનું વિવેચનક્ષેત્રે પણ મહત્વનું પ્રદાન રહ્યું છે. એમણે વિવેચનના ફક્ત ત્રણ જ પુસ્તકો આપ્યાં હોવાં છતાં, આ અભ્યાસ પુસ્તિકાઓ સાહિત્યના અભ્યાસીઓ તેમજ જિજ્ઞાસુઓને અવશ્ય ઉપયોગી નીવડે તેવી છે. હિમાંશી શેલતે વિવેચનક્ષેત્રે આપેલ આ પુસ્તકોમાં કેટલીક વિશેષતાઓ તરત નજરે પડે છે. જેમકે, 'પરાવાસ્તવવાદ' પુસ્તકને અંતે હિમાંશી શેલતે પરિશિષ્ટ અંતર્ગત દાદાવાદ અને પરાવાસ્તવવાદના કેટલાક પ્રમુખ સર્જકોનો વિગતે પરિચય આપ્યો છે જે સાહિત્યના અભ્યાસીઓ માટે ખૂબ જ ઉપયોગી થઈ શકે તેમ છે. 'ગુજરાતી કથાસાહિત્યમાં નારીચેતના' એ વિવેચન પુસ્તકમાં હિમાંશી શેલતે અઘરી અને ભારરૂપ ભાષા પ્રયોજવાને બદલે સરળ ભાષામાં, નવલકથા અને નવલિકા જેવા ગદ્ય સ્વરૂપોમાં આલેખાયેલ, નારીચેતનાની ઉદાહરણ સમેત આપણી સમક્ષ ચર્ચા કરી છે. હિમાંશી શેલતના આ પુસ્તકમાં આપણને એમની વિવેચક તરીકેની વિદ્વત્તાના દર્શન થાય છે. તો, 'સલામત બાળપણની શોધમાં' એ પુસ્તકમાં લેખિકાએ અનેક ઉદાહરણો આપતાં જઈ તેમને જે કહેવું છે તેની અસરકારક રીતે રજૂઆત કરી છે. ગુજરાતી સાહિત્યમાં બાળકોને કેન્દ્રમાં રાખીને સાદી સરળ ભાષામાં લખાયેલી આ પ્રકારની અભ્યાસ પુસ્તિકા કદાચ આ પહેલી હશે! અહીં લેખિકાએ બાળકોને સલામતી કેવી રીતે પ્રદાન કરી શકાય, તેમના બાળપણને કેવી રીતે સુરક્ષિત રાખી શકાય તેને જ લક્ષ્ય રાખ્યું છે.

અનુવાદક્ષેત્રે પણ હિમાંશી શેલતનું મહત્વનું યોગદાન રહ્યું છે. અંગ્રેજી વાંચનનો શોખ તેમજ અંગ્રેજી ભાષા પ્રત્યેની નિકટતાના કારણે હિમાંશી શેલતે ઘણાં ઉપયોગી કાર્ય કર્યા તેમાંનું અનુવાદકાર્ય એક છે. એમણે અનુવાદના કુલ ત્રણ પુસ્તકો આપ્યાં છે. આ ત્રણેય પુસ્તકોની

વિશેષતા જોઈએ તો, 'દ્રુતવિલંબિત'માં હિમાંશી શેલત દ્વારા અનુવાદિત મૂળ કાવ્યોનાં અંગ્રેજી અનુવાદો અગ્રેજી ભાવકને પ્રસન્નતાથી ભરી દે એવાં થયાં છે. જોકે, પુસ્તકના મુદ્રણમાં થયેલ કેટલીક ભૂલો આ પુસ્તકને ઝાંખુ પાડે છે. 'નોખા મિજાજના અનોખા ચિત્રકાર'માં સુંદર, પ્રાસાદિક અને પ્રવાહી ભાષાશૈલીનો હિમાંશી શેલતે કરેલો ઉપયોગ આ અનુવાદિત પુસ્તકનું નવલું નજરાણું છે. આ પુસ્તકનું ગદ્ય સહજ, સરળ અને વાચકને પોતીકું લાગે તેવું છે. સુંદર અને આકર્ષક છાપકામ ધરાવતું આ પુસ્તક કળાપ્રિય ગુજરાતી ભાવકને એક નોખા મિજાજના અનોખા ચિત્રકારનો પરિચય કરાવવામાં ખૂબ જ ઉપયોગી થયું છે. તો સુઘડ, સુવાચ્ય અને મુદ્રણદોષો વિનાનું છાપકામ ધરાવતું પુસ્તક 'ગરીબ, પણ છૈયે કેટલાં બધાં!' એના સરળ, પ્રવાહી અને પ્રાસાદિક ગદ્યને લીધે અભ્યાસીઓ માટે મહત્ત્વનું સન્દર્ભ પુસ્તક બની રહે તેવું છે. ટૂંકમાં, અંગ્રેજી ભાષા-સાહિત્યના ઊંડાં અભ્યાસી હિમાંશી શેલતે અંગ્રેજી પુસ્તકનો આપેલો આ સુવાંગ અનુવાદ ગુજરાતી સાહિત્ય માટે મહત્ત્વનું પ્રદાન ગણી શકાય.

હિમાંશી શેલતના સમગ્ર સાહિત્યમાંથી પસાર થતાં તેમની અનેક પ્રકારની વિશેષતાઓ તરફ આપણું ધ્યાન જાય છે. અહીં એમનાં સાહિત્યસર્જનની વિશેષતાને સૂચવનારાં કેટલાંક તારણો આપ્યાં છે...

- ભાષાની ક્લિષ્ટતા અને ટેક્નિકના વધારે પડતા ઉપયોગથી દૂર રહી ભાવકોને વાંચવી ગમે તેવી વાર્તાઓ લખવાની શરૂઆત.
- સમાજવાસ્તવના અનેકવિધ સંવેદનશીલ પ્રદેશોનું કથાસાહિત્યમાં કરેલું કળાત્મક આલેખન.
- આસપાસના પરિવેશમાં આકાર લેતી ઘટનાઓના પ્રત્યક્ષ અનુભવ જગતને કામે લગાડી કરેલું સાહિત્યનું સર્જન.
- આસપાસ પથરાયેલા લાચારી, હતાશા, સંઘર્ષ અને કંગાલિયતના કુરૂપ, ભયાવહ વાતાવરણમાં જોયેલાં લોકોનાં દુઃખ અને તેમની પીડા પ્રત્યેની સંવેદનાનું વાર્તાઓમાં કરેલું કળાત્મક આલેખન.
- લાઘવ, રચના કૌશલ, ભાષાકર્મ અને વસ્તુવૈવિધ્યના ઉચિત પ્રયોગ દ્વારા ભાવકને ઊંડે સુધી સ્પર્શી જાય એ રીતે વાર્તાઓનું કરેલું શ્રેષ્ઠ સર્જન.
- સૂક્ષ્મ સંવેદનો અને ઋજુ લાગણીઓને સંયતતાથી આલેખવામાં નિપુણતા.

- આંતરબાહ્ય વાસ્તવનું તેમજ સંકુલ સંવેદનાઓનું સરળ અને સાફ અભિવ્યક્તિથી કરેલું આલેખન.
- જીવનની વિષમતા, વેદના, એકલતાના બારીકાઈથી કરેલ નિરીક્ષણને શબ્દમાં ઢાળવાની કુશળતા.
- સામાજિક વાસ્તવને કળાના વાસ્તવમાં રૂપાંતર કરવાની ફાવટ.
- ભાવકને કેન્દ્રમાં રાખીને વાર્તાની કરાતી રચના.
- વાર્તાઓમાં પ્રતિબદ્ધતા અને કલાત્મકતાનું જોવા મળતું વિરલ મિશ્રણ.
- મર્યાદિત ફલક પર તીવ્ર અનુભૂતિની ક્ષણોને આછા લસરકાથી આલેખવા ઝીલેલો પડકાર.
- વિવિધ વર્ગના લોકોના જીવનની વિષમતા, વેદના અને એકલતાની સાથોસાથ અભાવગ્રસ્ત બાળકોની અંધારી અને કુરૂપ દુનિયા પ્રત્યેની સંવેદના.
- શોષિત, લાચાર અને જીવનની નાની-મોટી વિકટ સમસ્યાઓથી ભીંસાતાં પાત્રોની વેદના, લાચારી, હતાશા અને સંઘર્ષ પ્રત્યે સંવેદનશીલ.
- સ્ત્રી સહજ સંવેદના, જાતીય વૃત્તિની પડછે સ્ત્રીની વેદનાગ્રસ્ત સ્થિતિ, સામાજિક દૂષણો / અનિષ્ટોની આક્રોશમય અભિવ્યક્તિની કરાતી તીવ્ર રજૂઆત.
- પીડિતો, નિઃસહાય લોકોની સાથે પ્લેટફોર્મ પર રખડતાં બાળકો, ઝૂંપડપટ્ટીનાં બાળકો, રિમાન્ડ હોમ તથા અનાથાશ્રમનાં બાળકો તેમજ સુરતની વારાંગનાઓ સાથે કરેલ કામનો જે વિશેષ અનુભવ થાય છે તેનો વાર્તાઓમાં કાચી સામગ્રી તરીકે ઉપયોગ કરવાની કુશળતા.
- કોમી વૈમનસ્યને આલેખતી વાર્તાઓમાં થયેલી તીવ્ર અનુભૂતિની અભિવ્યક્તિ.
- લાઘવભર્યા ઉચિત શબ્દો દ્વારા પાત્રો અને ઘટનાનું કરેલું ઉત્કૃષ્ઠ આલેખન.
- સીધી સાદી શૈલીથી માંડીને કપોળકલ્પના પ્રયુક્તિ સુધી વિસ્તરતી અભિવ્યક્તિ.
- રોજિંદી ભાષાને સામર્થ્યથી પ્રયોજી બાહ્ય વાસ્તવનું કળાવાસ્તવમાં કરેલું રૂપાંતર.
- વ્યંજના, કલ્પનો કે પ્રતીકોથી વેધક રીતે થયેલી અભિવ્યક્તિ.
- માનવજીવનની સંકુલતાઓને ભાષાના વિશિષ્ટ પ્રયોગ દ્વારા ભાવપૂર્ણ રીતે કરેલું નિરૂપણ.
- સંયમિત ભાવ-નિરૂપણ દ્વારા વાર્તાઓને અપાયેલો નાટ્યકલાત્મકતાનો ઓપ.

- ઘટનાઓને નિમિત્તે માનવચિત્તમાં જાગતાં સંવેદનોની વાત કરવામાં ફાવટ.
- સંવાદશૈલી, પત્રશૈલી, ફ્લેશબેક, વિરોધી પરિસ્થિતિની સહોપરિસ્થિતિ જેવી વિવિધ ટેક્નિકથી વાર્તાઓનું રચાતું સ્થાપત્ય.
- ભાષાની વેધકતા, વ્યંજનાત્મકતા, પ્રતીકાત્મકતા અને લયરમણીયતાથી આગવી સૌંદર્ય છટા ધારણ કરવામાં ગદ્ય કરેલો ઉચિત પ્રયોગ.
- સ્ત્રીઓની ભીતર ચાલતી અકળામણને કળાનું રૂપ આપવાનો કરેલો પ્રશંસનીય પ્રયાસ.
- વાર્તાઓમાં ચોટદાર આરંભ અને અંત જેવી એકાધિક રચનાપ્રયુક્તિઓનો કરેલો પ્રયોગ.
- વાર્તાઓના આરંભે પ્રયોજાયેલ વર્ણન, સંવાદ કે પાત્રના મનોસંચલનોથી ઉત્સુક વાચક સીધો જ વાર્તામાં પ્રવેશી જાય તેવી ઉત્તમ રચના.
- પાત્રને અનુરૂપ ભાષા અને ટૂંકા ટૂંકા વાક્યો દ્વારા સંવાદ રજૂ કરવાની આકર્ષક રીત.
- વાર્તાઓમાં વાચકને આંજી નાખે એવી ઝગમગાટવાળી ભાષાનો પ્રયોગ કરવાને બદલે વાર્તા આસાનીથી સમજાય તેવી ભાષાનો થયેલો પ્રયોગ.
- પાત્રો અને પ્રસંગોના તાતણાં ગૂંથીને ખપ પૂરતા ભાષા પ્રયોગ દ્વારા પાત્રોના જીવનસંઘર્ષને અપાયેલું કળાત્મક રૂપ.
- વાર્તાઓમાં પાત્રના મનોગતને ઉપસાવવા માટે દક્ષિણ ગુજરાતની સુરતી બોલીનો કરેલો યથોચિત પ્રયોગ.
- વિશ્વસાહિત્યનો સઘન અભ્યાસ.
- જીવનચરિત્રના આધારે નવલકથા લખવાનો એક સાહસ કહી શકાય એવો કરેલો પ્રયોગ.
- શિષ્ટ ગુજરાતીની સાથે જરૂર જણાઈ ત્યાં અંગ્રેજી, સંસ્કૃત અને હિન્દી મિશ્રિત બોલીનો પ્રયોગ.
- ભાષાની નજાકતભરી ભાત ઉપસાવતાં કલ્પન, પ્રતીક અને અલંકારોનો ઉપયોગ.
- કયાંય કશુંક ખૂંચે એવું, કશુંક પીડે એવું જોવા મળે ત્યારે અનુભવેલા તીવ્ર સંવેદનને અપાતું શબ્દનું રૂપ.
- આધુનિકતાના દાબ અને પ્રભાવથી મુક્ત રહીને કરેલું સાહિત્યસર્જન.

- આધુનિક બનવાનાં કે કહેવડાવવાનાં વળગણ વિના, પોતાનું નવલું ને તાજપભર્યું કથાવિશ્વ ભાવકોને ભેટ ધરવાની સાદગી.
- આકર્ષક સંવાદો, પ્રસંગોચિત વર્ણનો, કથામાં નિરૂપાયેલ જીવનસંઘર્ષ અને તેની રચનારીતિ વગેરે તત્ત્વોનું કળાત્મક રીતે થયેલું આલેખન.
- લાઘવપૂર્ણ ભાષાકર્મ પાસેથી ઉચિત કામ લેવા માટે કેટલાંક રૂઢિપ્રયોગો અને કહેવતોનો કરેલો પ્રયોગ.
- ટૂંકા ટૂંકા વાક્યોનાં સંયોજનો દ્વારા સંવેદનોને અસરકારક રીતે વ્યક્ત કરવાની આવડત.
- આત્મકથાને સુંદર કલાઘાટ આપવા માટે સર્જનાત્મક ગદ્યની સાથે સાથે સંવાદ, વાદવિવાદ, સંભાષણ, સ્વગતોક્તિ, વર્ણન, કથન, ડાયરી અને પત્ર વગેરે જેવી નિરૂપણની વિવિધ રીતોનો કરેલો સુંદર પ્રયોગ.
- મનને વ્યગ્ર કરી દેતી, પીડાદાયક ઘટનાઓ જોઈને થયેલી પીડાને શબ્દબદ્ધ કરવાની આવડત.
- બાળકોને રમતાં-ભમતાં મનોરંજન પૂરૂં પાડવાની આગવી રીત.
- બાળકો જ રજૂઆત કરી શકે તે રીતે ભજવણીયુક્ત શૈલીમાં કરેલું નાટકોનું આલેખન.
- બાળકો જેવાં બનીને, બાળકોની ભાષામાં હસતાં-રમતાં કંઈક બોધ પીરસી દેવાની કુશળતા.
- બોધ સાથેની બાળવાર્તાઓ લખીને એક નવો ચીલો ચાતરવાની શરૂઆત.
- બાળમાનસ અને કિશોરોના પ્રશ્નોને વાચા આપવાનો કરેલો પ્રશંસનીય પ્રયત્ન.

હિમાંશી શેલતના સમગ્ર સાહિત્યસર્જનમાંથી પસાર થતાં અંતે કહી શકાય કે એમણે સાહિત્યના અનેક સ્વરૂપોમાં પ્રશંસનીય કાર્ય કર્યું છે. અનુઆધુનિક ગુજરાતી ટૂંકી વાર્તાક્ષેત્રે તો હિમાંશી શેલતનું મહત્ત્વનું પ્રદાન છે જ પરંતુ તેની સાથે સાથે લઘુનવલ, નવલકથા, સ્મરણકથા, આત્મકથા, નિબંધ, બાળસાહિત્ય, સંપાદન, વિવેચન તેમજ અનુવાદક્ષેત્રે પણ તેમણે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. એમનું સાહિત્યસર્જન એટલી બધી વિશેષતાઓથી ભરેલું છે કે એમનાં સર્જન અને સર્જકતાની વિશેષતા દર્શાવતાં આ તારણોની યાદીને આગળ પણ લંબાવી શકાય. તેમ છતાં તેમનાં સાહિત્યસર્જનમાંથી કેટલીક મર્યાદાઓ તારવવી હોય તો જરૂર તારવી શકાય. જેમકે, હિમાંશી શેલતની કેટલીક વાર્તાઓમાં પરિસ્થિતિ એટલી ધૂંધળી હોય છે કે ભાવકને તેના વિશે વિશેષ સાવધાની રાખવી ઘટે, અન્યથા વાર્તાનો રસ ચૂકી જવાની પૂરી સંભાવના રહે છે. વળી, વાર્તામાં

ક્યારેક ક્યારેક લાઘવ સિદ્ધ કરવાની લ્હાયમાં તેઓ જરૂરી વાતાવરણ રચવા માટે અવકાશ હોવા છતાં ભાગ્યે જ તેવું કરે છે. બીજું, એમની બધી વાર્તાઓમાંથી પસાર થનાર ભાવકને વૈવિધ્યનો અભાવ અને નિરૂપણરીતિમાં એકવિધતા લાગવાનો સંભવ રહે છે. આમ, તેમનાં સાહિત્યસર્જનમાં આવી કેટલીક મર્યાદાઓ નજરે ચડી હોવા છતાં તેમની વિશેષતાઓની તુલનામાં આ મર્યાદાઓ અલ્પ ગણી શકાય. હિમાંશી શેલતની કૃતિઓ સાહિત્યરસિકોનાં બહોળા વર્ગ સુધી પહોંચી છે. ઘણાં બધાં વિવેચકોએ પણ એમની સાહિત્યકૃતિઓની વિવેચના કરી છે અને જરૂર જણાંઈ ત્યાં નુકતેચીની પણ કરી છે. ગુજરાતી ભાષાના પ્રતિભાશાળી સર્જક હિમાંશી શેલત આજે પણ સાહિત્યસર્જન કરી રહ્યાં છે, જે તેમની ગુજરાતી ભાષા અને સાહિત્ય પ્રત્યેની પ્રીતિ દર્શાવે છે. ગુજરાતી ભાષા અને સાહિત્યને સમૃદ્ધ કરવામાં હિમાંશી શેલતનું પ્રદાન અવશ્ય ચિરસ્મરણીય બની રહેશે.